# Knowledge Consortium of Gujarat

Department of Education, Government of Gujarat

નં.કેસીજી/૨૦૨૨-૨૩/168 તા.૧૨/૦૭/૨૦૨૨

પ્રતિ,

કુલપતિશ્રી,

તમામ યુનીવર્સીટી, ગુજરાત રાજ્ય

**વિષય - ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ અંતર્ગત વ્યવસ્થાપન કરવાં તેમજ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરાવવા બાબત**

સ્નેહીશ્રી,

રાજ્યના વિદ્યાર્થીઓ તેજસ્વી, પ્રતિભાશાળી અને જ્ઞાનસમૃદ્ધ બને તે હેતુથી શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય ધો. ૯ થી ૧૨ તેમજ કોલેજો અને યુનિવર્સિટી કક્ષાએ અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ તેમજ ગુજરાતના તમામ પ્રજાજનો માટે *આઝાદી કા અમૃત મહોત્સવ* હેઠળ "ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)" નો શુભારંભ તા. ૭ જુલાઈ, ૨૦૨૨ના રોજ સાયન્સસિટી, અમદાવાદ ખાતેથી કરવામાં આવેલ છે. આ ક્વિઝમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ, યોજનાઓના મુખ્ય ઉદ્દેશ્યો, લાભાર્થીઓ, અત્યાર સુધી યોજનામાં હાંસલ કરેલ સિધ્ધિઓ, લાભાર્થીઓની સંખ્યા અને રકમ વગેરે જેવી માહિતી પ્રાપ્ત થાય તે મુજબના પ્રશ્નોનો સમાવેશ થાય છે.

આ ક્વિઝમાં આપની યુનિવર્સિટીમાંથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ લાભાન્વિત થાય તે હેતુથી આપની કક્ષાએ પ્રત્યેક શૈક્ષણિક સંસ્થાઓમાં ક્વિઝની માહિતી પહોચાડવાની થાય છે. આ માટે દરેક યુનિવર્સિટીના નોટીસ બોર્ડ પર બેનર તથા સ્ટેન્ડી ફરજીયાતપણે પ્રિન્ટ કરી લગાવવાના થાય છે કે જેથી દરેક વિદ્યાર્થીઓને આ ક્વિઝ અંગે જરૂરી માહિતી મળી રહે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે. બેનર/ સ્ટેન્ડીની સોફ્ટ કોપી ટૂંક સમયમાં જ આપને મોકલી આપવામાં આવશે.

સ્પર્ધામાં ભાગ લેવા માટે www.g3q.co.in ડોમેઈન પર રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. જે યુનિવર્સિટીમાંથી વધુમાં વધુ રજીસ્ટ્રેશન પ્રાપ્ત થશે તેઓને "Appreciation letter" તેમજ ઇનામો આપી સન્માનિત કરવામાં આવશે. આ કાર્યક્રમની વ્યવસ્થા માટે દરેક શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા નોડલ ઓફિસરની નિમણુંક કરવાની થાય છે. આપની કક્ષાએથી નિયુક્ત કરાયેલ નોડલ ઓફિસરની માહિતી - નામ, હોદ્દો, વિભાગનું નામ, ઈ મેઈલ અને મોબાઈલ નંબર લીંક https://bit.ly/3NKB0sA પર ૨ દિનમાં મોકલી આપવાની રેહશે.ઉક્ત બાબતે આપની કક્ષાએ ત્વરિત પગલાં લેવાં વિનંતી.

આભાર સહ,

પ્રો.એ.યુ.પટેલ,
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી

જાણ સારૂ,

- પી એ ટુ માન. અગ્રસચિવ (શિક્ષણ), ગુજરાત અને એક્ઝીક્યુટીવ ચેરપર્સન, કેસીજી
- પી એ ટુ માન. કમિશ્નરશ્રી (ઉચ્ચ શિક્ષણ), ગુજરાત
- પી એ ટુ માન. નિયામક (ટેકનીકલ શિક્ષણ), ગુજરાત
- રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સીટી, ગુજરાત રાજ્ય

Pragna Puram Campus, Opp. PRL, Near L.D. College of Engineering, Ahmedabad-380015.
Ph: 079-26302077 www.kcg.gujarat.gov.in